
## ૪–(૧)–(ખ)–(૩)

**વ્યવસ્થાતંત્ર :** સ્લમ અપગ્રેડેશન વિભાગનું હાલનું વ્યવસ્થાતંત્ર નીચે મુજબ છે.



**દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ :**

સ્લમ અપગ્રેડેશન વિભાગ અંતર્ગત હાથ ધરવામાં આવતી મુખ્ય કામગીરીઓ અંગેની વિગત નીચે મુજબ છે.

**(અ) JnNURM-BSUP, PMAY, MMGY, PPP, ટેનામેન્ટ રીડેવલપમેન્ટ અંતર્ગતના આવાસ નિર્માણ કામગીરી :**

**પ્રક્રિયા :**

- આવાસ નિર્માણ માટે પ્લોટ મેળવવા બાબત રીપોર્ટ તથા ઘટતી કાર્યવાહી.
- નિયત પ્લોટમાં આયોજન, પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા.
- સરકારશ્રીમાં પ્રોજેકટ મંજુરીની કાર્યવાહી કરવી. મંજુર પ્રોજેકટના અંદાજ–ટેન્ડરને લગતી કામગીરી કરી વર્કઓર્ડર આપવા.
- સરકારશ્રીમાં તબકકાવાર પ્રોગ્રેસ રીપોર્ટ મોકલી ગ્રાંટ રીલીઝ કરવાની કામગીરી.
- સ્થળ પર સુપરવીઝન કરી થયેલ કામનાં માપ–મેઝરમેન્ટ ચકાસણી કરી ઈજારદારને ચુકવણાની મંજુરીની કાર્યવાહી કરવી.
- સરકારશ્રીમાંથી ગ્રાંટ રીલીઝ બાબતે અવારનવાર ઉચ્ચ કક્ષાની ટીમોને આવાસ વસાહતની મુલાકાત કરાવવાની કામગીરી.
- આવાસ નિર્માણનાં અંતિમ બીલો તૈયાર કરવા.
- સમગ્ર પ્રક્રિયામાં જરૂરિયાત મુજબ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરનાર એજન્સી, સોઈલ કન્સલ્ટન્ટ, સ્ટ્રકચરલ કન્સલ્ટન્ટ, પ્રોજેકટ કન્સલ્ટન્ટ તથા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન એન્ડ મોનીટરીંગ એજન્સીની નિમણૂકને લગતી તથા તેઓના પેમેન્ટને લગતી તમામ કાર્યવાહી કરવી.

**દેખરેખ અને જવાબદારીનું માધ્યમ :**

ઉકત આવાસ નિર્માણ પ્રક્રિયાના તબકકાઓમાં ચઢતા ક્રમે નીચેની વિગતે જવાબદારી માધ્યમ નકકી થયેલ છે.

ટેકનિકલ આસીસ્ટન્ટ □ સુપરવાઈઝર □ આસી./જુની. ઈજનેર □ ડેપ્યુટી ઈજનેર □ કાર્યપાલક ઈજનેર □ એડી.સીટી.ઈજનેરશ્રી (સીવીલ) □ કમિશનરશ્રી □ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ સત્તા મંડળ

**(બ) JnNURM-BSUP <u>આવાસ ફાળવણી કામગીરી</u> :**

**<u>પ્રક્રિયા</u> :** ઝોન સાથે સંકલનમાં રહી સ્થળાંતર માટે રોડમેપ તૈયાર કરવો.

- આવાસ નિર્માણ કામગીરી તથા સંબંધિત ઝોન ધ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર્સના કામો પૂર્ણ થયેથી આવાસ ફાળવણી અંગે પ્રાયોરીટી મુજબ ઝોન ધ્વારા તૈયાર કરેલ ફાયનલ લાભાર્થી યાદીના લાભાર્થીઓને આવાસ ફાળવવા જાહેર ડ્રોને લગતી તમામ કાર્યવાહી જેવી કે સક્ષમ સત્તાની ડ્રો માટેની મંજુરી મેળવવી, લાભાર્થીઓના નામ, આવાસ નંબર ધરાવતા નામોની કાપલી તૈયાર કરી અલગ બોક્ષ તૈયાર કરવા સંબંધિત ઝોનના સંકલનમાં ડ્રોની તારીખ, સ્થળ, સમય નકકી કરી ડ્રોની કાર્યવાહી પૂર્ણ કરવી, ફાળવણીપત્રો ઈસ્યુ કરવા તથા ઝોન ધ્વારા સદર ઝુંપડપટ્ટીના સ્થળાંતર વેળા સ્થળ પર આવાસોનો પ્રત્યક્ષ કબજો સોંપવાની કામગીરી.

**<u>દેખરેખ અને જવાબદારીનું માધ્યમ</u> :**

કલેરીકલ વિભાગ □ સોશીયલ ડેવ. સ્પેશ્યાલીસ્ટ □ આસી./જુની. ઈજનેર □ ડે.ઈજનેર □ કાર્યપાલક ઈજનેર □

એડી.સીટી.ઈજનેરશ્રી (સીવીલ) □ } કમિશનરશ્રી □ અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ)

એપેલેટ કમિટિ □ }